# વડગામ તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપ પ્રમુખની ચૂંટણી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાઈ

**વહીવટી તંત્રના અધિકારીઓને ચૂંટણીમાં કંઈક અજુગતુ બનવાના એંધાણ વર્તાતા ચૂંટણી પહેલાં તાલુકા પંચાયતના મુખ્ય ગેટને તાળાબંધી કરીને પાછળના ગેટ પર લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવી પ્રમુખ-ઉપ પ્રમુખની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરી**

પાલનપુર, તા. ૧૩

વડગામ તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ માટેની આજે ચૂંટણી હોવાના કારણે સવારથી જ વડગામ તાલુકા પંચાયતના મુખ્ય ગેટને તાળાબંધી કરી દઈને પાછળના ગેટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાતાં લોકોમાં ઉત્તેજના છવાઈ ગઈ હતી. અને દૂર દૂરના ગામડાઓમાંથી તાલુકા પંચાયતના કામે આવેલા અરજદારોને તા.પં.માં પ્રવેશ ન અપાતાં અરજદારો અટવાઈ પડ્યા હતા અને આક્રોશ સાથે વહીવટી તંત્રના અધિકારીઓ સામે રોષ પ્રગટ કરીને લોકશાહીમાં પણ તંત્રના અધિકારીઓની મનમાની સામે માછલા ધોયા હતા.

વડગામ તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી તાલુકા પંચાયતના હોલમાં બપોરના બાર વાગે વડગામ મામલતદારના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં વડગામ ટીડીઓ નાયબ ટીડીઓ સહીત અન્ય કર્મચારીની હાજરીમાં ચૂંટણી પ્રકીયા હાથ ધરી હતી. વડગામ તાલુકા પંચાયતની ૨૫ બેઠકોમાંથી ચૂંટાયેલા ભાજપ કોંગ્રેસના ૨૪ ડેલીગેટ હાજર રહ્યાહતા. ચૂંટણી પ્રકીયા હાથ ધરતાંની સાથે જ એક ડેલીગેટ હાજર થઈ જતાં વહીવટી તંત્ર સાથે કોંગ્રેસના અગ્રણીઓ હાંશકારો અનુભવ્યો હતો.

ચૂંટણી પ્રકીયા શરૂ કરતાંની સાથે જ વડગામ મામલતદાર ને મિડીયાને સભા ખંડમાંથી બહાર નિકાળી દેતાં મિડીયા કર્મીઓમાં નારાજગી વ્યાપી હતી. અને અનેક તર્કવિતર્ક સર્જાવા પામ્યા હતા. ચૂંટણી પ્રક્રિયા પત્યા બાદ મીડીયાને બોલાવી કવરેજ કરવાનું કહેતાં તમામ મીડીયાને ઈન્કાર કર્યો હતો. તાલુકા પંચાયતના પ્રમુખ ઉપ પ્રમુખની ચૂંટણી ચર્ચાસ્પદ બની હતી.

વડગામ તાલુકા પંચાયતની ૨૫ બેઠકો પરથી વિજેતા બનેલા કોંગ્રેસના ૧૮ ડેલીગેટો અને ભાજપના ૭ ડેલીગેટો હાજર હતા જેમાંથી કોંગ્રેસ પક્ષના જ ચાર ઉમેદવારોએ પ્રમુખ અને ઉપપ્રમુખ માટેની દાવેદારી કરાઈ હતી. જેમાં કોંગ્રેસના મેન્ડેડવાળા પ્રમુખની તરફે ૧૩ મત જ્યારે ભાજપના ૭ ડેલીગેટોના ટેકાથી પ્રમુખની ઉમેદવારી કરનાર માનસંગભાઈ ઉપલાણાને ૧૨ મત મળતાં કોંગ્રેસના મેન્ડેડવાળા પ્રમુખના ઉમેદવાર અબ્દુલભાઈ પલાસરાને વિજેતા જાહેર કરાયા હતા. જ્યારે ઉપપ્રમુખ માટે કોંગ્રેસના મેન્ડડવાળા ડોહજીભાઈ પટેલને ૧૪ મત મળ્યા હતા જ્યારે ભાજપના ટેકાથી ઉપ પ્રમુખની દાવેદારી કરનાર કોંગ્રેસના ડેલીગેટ કાસમભાઈ સેનીયાને ૧૧ મત મળતાં ડોહજીભાઈને ઉપપ્રમુખ તરીકે વિજેતા જાહેર કર્યા હતા. તાલુકા પંચાયની ચૂંટણીમાં કોંગ્રેસને ૧૮ બેઠકોની સ્પષ્ટ બહુમતી મળ્યા છતાં પ્રમુખ પદને લઈને કોંગ્રેસમાં ભાગલા પડ્યા હતા. છેલ્લે છેલ્લે પણ તાલુકા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખની સત્તા કોંગ્રેસે હાંસલ કરીને તાલુકા પંચાયત કોંગ્રેસને જાળવી રાખતાં કોંગ્રેસીઓમાં હર્ષની લાગણી ફેલાઈ હતી.

# બાયડ માર્કેટયાર્ડના ચેરમેન વિરૂદ્ધ છેતરપીંડીનો ગુનો નોંધાયો

બાયડ, તા. ૧૩

સમગ્ર ગુજરાત રાજયમાં સહકારી ક્ષેત્રે એક આગવી ઓળખ ઉભી કરનાર બાયડ માર્કેટયાર્ડના વર્તમાન ચેરમેન વિરૂદ્ધ છેતરપીંડીનો ગુનો નોધાતા સમગ્ર સહકારી આલમદ્દમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જયારે લોકમુખે એવી ચર્ચા પણ થઈ રહી છે કે આવળી મોટી સહકારી સંસ્થાના ચેરમેન પદે બીરાજવા છતાં પણ આ વ્યક્તિ દ્વારા આવડી મોટી છેતરપીંડી કરવામાં આવી છે તે એક ચર્ચાનો વિષય છે.

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર આ કામના ફરીયાદીએ આરોપી નગીનભાઈ મોરારને આજથી થોડાક મહીના અગાઉ અંદાજે ૯ લાખ રૂપીયાના બટાકાનું બીયારણ અને ૭ હજાર રૂપીયા રોકડા આપેલા હતા અને તે અંગે તેમણે આ બટાકાના બીયારણની ખરીદી પેટે ફરીયાદી નિલેષભાઈને આ રકમ પેટે ૬ ચેક આપેલા. પરંતુ જેમાં પ્રથમ ચેક રૂ. ૧ લાખ ૬૬ હજાર અને ૧૭૫ રૂ.નો આપ્યા હતો જેનો ચેક નંબર ૨૯૩૩૮૧ છે જયારે બીજો ચેક ૧ લાખ ૨૮ હજાર રૂપીયાનો તા.૩૧.૧૨.૨૦૧૨નો ચેક નંબર ૨૯૩૩૮૨ છે જયારે ત્રીજો ચેક ૧ લાખ ૩૪ હજાર રૂપિયાનો તારીખ ૨૦૧૨.૨૦૧૨નો આપેલ જેનો ચેક નંબર ૨૯૩૩૮૩ છે જયારે ચોથો ચેક રૂ ૧ લાખ ૨૧ હજાર રૂપિયાનો આપેલ જે તારીખ ૧૦.૧૨.૨૦૧૨નો આપેલ જેનો ચેક નંબર ૨૯૩૩૮૦ છે જયારે પાંચમો ચેક રૂ ૮૨ હજારનો તા. ૨૭.૧૨.૨૦૧૨ નો આપેલ. જેનો ચેક નંબર ૨૯૩૩૮૪ છે જયારે છઠ્ઠો ચેક રૂ ૨ લાખ ૪૮ હજાર અને ૪૮૨ રૂપિયાનો તારીખ ૨૫.૧૨.૨૦૧૨નો ચેક નંબર ૨૯૩૩૮૬ છે.

**જયારે આ પ્રકરણ હાલ તો સમગ્ર બાયડ તાલુકામાં ટોક ઑફ ધી ટાઉન બનવા પામ્યો છે જયારે આ મહાશય બાયડ માર્કેટયાર્ડના ચેરમેન પદે બીરાજમાન છે ત્યારે હાલ એવી ચર્ચાએ જોર પકડ્યું છે કે જો ખેડૂતોની સંસ્થાના ચેરમેન જ આમ છેતરપીંડી કરતા હોઈ તો ખેડૂતો તથા વહેપારીઓનું શું ?**

આમ નગીનભાઈ મોરારે પૈસા અંગે આટલા બધા ચેક આપ્યા હોવા છતા પણ પોતે બાયડ માર્કેટયાર્ડના ચેરમેન હોવાનો રોફ જમાવી ફરીયાદીને પૈસા આપ્યા ન હતા. જયારે આ અંગે નિલેષભાઈએ ઉઘરાણી કરતાં પણ આજદીન સુધી પૈસા આપ્યા નહોતા. જયારે ગઈકાલે બપોરે ૨ વાગ્યાના સુમારે નિલેષભાઈ દ્વારા પૈસાની ઉઘરાણી કરતા આરોપી નગીનભાઈએ પૈસા આપવાની ના પાડી અને ફરીયાદી નિલેષભાઈને મા-બહેન સુધી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને વિશ્વાસઘાત કર્યો હતો. જે અંગે આ કામના ફરીયાદીએ આતરસુંબા પોલીસ સ્ટેશન ખાતે આ આરોપી નગીન મોરાર વિરૂધ્ધ છેતરપીંડીની ફરીયાદ નોધાવી હતી. જયારે આતરસુંબા પોલીસે આ ફરીયાદ બાયડ પોલીસ સ્ટેશને ટ્રાન્સફર કરી હતી. જે અંગેની તપાસ બાયડ પી.એસ.આઈ. સી.કે બાબરીયા કહી રહયા છે.

# વડનગર ખાતે ક્લાસિક ફાઉન્ડેશન દ્વારા સ્વાઈન ફ્લુ જનજાગૃતિ રેલી યોજાઈ

મહેસાણા તાલુકાના વડનગર ખાતે ક્લાસિક ફાઉન્ડેશન વિસનગર અને તાલુકા આરોગ્ય અધિકારીશ્રી વડનગર દ્વારા સ્વાઈન ફ્લુ જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર ગુજરાતમાં સ્વાઈન ફ્લુ રોગના દર્દીઓની સંખ્યામાં ઉત્તરોત્તર દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. આ રોગની જાગૃતિના અભાવે કેટલાય દર્દીઓ મૃત્યુ પામે છે. લોકોમાં આ રોગોની સાચી જાણકારી મળી રહે તે માટે વડનગર શહેરમાં સ્વાઈન ફ્લુ જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીનું પ્રસ્થાન નગરપાલિકા પ્રમુખશ્રી સુનિલ મહેતા અને પ્રાન્ત અધિકારી પી.કે. મોડીયાએ કરાવ્યું હતું. આ રેલીમાં મામલતદારશ્રી વડનગર, નગરપાલિકા ચીફ ઓફિસરશ્રી મીનાબેન બ્રહ્મભટ્ટ, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્યશ્રી ડૉ. દિલખુશ પટેલ, આઈ.ટી.આઈ. આચાર્યશ્રી વડનગર અને નવોદય વિદ્યાલયના આચાર્યશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

# બનાસકાંઠામાં બે તાલુકા પંચાયતમાં ભાજપ અને ચારમાં કોંગ્રેસના પ્રમુખ ચૂંટાયા

પાલનપુર, તા. ૧૩

બનાસકાંઠા જિલ્લાની તાલુકા પંચાયતના પ્રમુખોની બાકી રહેલ છ તાલુકા પંચાયતોમાંથી પાલનપુર તાલુકા પંચાયતના પ્રમુખપદે ભાજપના શ્રી ધનજીભાઈ સોલંકી ઉપપ્રમુખ પદે મોતીભાઈ ગોડી ચૂંટાયા હતા.

જ્યારે ડીસા તાલુકા પ્રમુખ પદે ભાજપના શ્રીમતી ડાહીબેન વાઘેલા ચૂંટાયા હતા. ઉપપ્રમુખ પદે રબારી તેજાભાઈ ચૂંટાયા હતા. જ્યારે અમીરગઢ, દાંતા, વડગામ અને ધાનેરા તા. પંચાયતના પ્રમુખ પદે કોંગ્રેસના સભ્યો ચૂંટાઈ આવ્યા હતા.

# પ્રાંતિજ એપ્રોચ પરની સોસાયટીઓમાં ઉનાળાના પ્રારંભે પાણીનો કકળાટ શરૂ

## એક અઠવાડિયાથી લોકો પાણીની રાહ જુએ છે

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ એપ્રોચ રોડ વિસ્તારની મોટાભાગની સોસાયટીમાં રહીશોને ઉનાળાની ગરમીની શરૂઆતમાં જ પાણી ન મળતા સોસાયટીના લોકોમાં પાણીને લઈને બુમાબુમ ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજમાં આવેલ એપ્રોચ રોડ નજીકની તમામ સોસાયટીઓમાં છેલ્લા એક અઠવાડિયાથી પાણી માટે સોસાયટીના રહીશો રાહ જોવે છે. પણ તેમ છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ પાણીની વ્યવસ્થા કરવામાં આવી નથી. આથી રહીશો ભારે પરેશાન થઈ રહ્યા છે. અને આ સમગ્ર મામલે તંત્ર વિરૂદ્ધ રોષે ભરાયા છે અને નગરપાલિકા આ સંદર્ભે અંગત રસ લઈ પાણીના કકળાટથી રહીશોને છૂટકારો અપાવે તેવી સ્થાનિકો માંગણી કરી રહ્યા છે.

# બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં વરવા દશ્યો : ભારે ધમાચકડી

## કોંગ્રેસના ચાર સભ્યોએ ભાજપ સમર્થિત ઉમેદવાર રાજુભાઈ જોષીને મત આપતાં સર્જાયેલ અપસેટ : જિલ્લા પંચાયતના પ્રમુખપદે રાજુભાઈ જોષી અને ઉપ પ્રમુખપદે સુખદેવસિંહ સોઢા વિજેતા

પાલનપુર, તા. ૧૩

બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી માટે નવનિર્વાચિત સભ્યોની આજે યોજાયેલ પ્રથમ બેઠક ભાજપ-કોંગ્રેસના સભ્યોના સામસામેના પડકારો, સભ્યોની ખેંચાખેંચ અને બેઠકના પ્રશ્ને પ્રારંભમાં જ તોફાની બની જતાં ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર શ્રી થેન્નારસન અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી મહેન્દ્ર પટેલ તેમજ ડી.વાય.એસ.પી. શ્રી ઠાકોરને પરસેવો વળી ગયો હતો.

જિલ્લા પંચાયતના સભાખંડમાં બપોરે ૨ કલાકે યોજાનાર પ્રમુખ-ઉપ પ્રમુખની ચૂંટણી માટે બપોરે ૧.૩૦ કલાકે કોંગ્રેસના સભ્યો સભાખંડમાં આવી પહોંચ્યા હતા. કોંગ્રેસના પ્રમુખનો મેન્ડેટ મેળવનાર લક્ષ્મીબેન કરેણ, માવજીભાઈ પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીર ચૌહાણ વિગેરેએ સભ્યોને સુચના આપતા હતા. પાટલી પર કોંગ્રેસના ચાર સભ્યો ગેરહાજર રહેતા કોંગ્રેસના સભ્યો આકુળ વ્યાકુળ બનતા નજરે ચડતા હતા.

બપોરે ૧.૪૫ મિનિટે કોંગ્રેસના રાજુભાઈ અને કોંગ્રેસના અન્ય બે સભ્યો અને ભાજપના ૨૬ સભ્યો સાથે સભાગૃહમાં આવી પહોંચ્યા હતા. કોંગ્રેસના સભ્યોનો ગરમાવો વધી જવા પામ્યો હતો. ભાજપ સાથે બેઠેલા કોંગ્રેસના સભ્યોને તેમની નેમપ્લેટ પાસેની ખુરશી ઉપર કોંગ્રેસ સાથે બેસવાનો આગ્રહ-દુરાગ્રહ ચરમસીમાએ પહોંચ્યો હતો. ભાજપના સભ્યો સમર્થન આપનાર કોંગ્રેસના સભ્યોનું રક્ષણ કરી કોંગ્રેસના સભ્યોનો પ્રતિકાર કર્યો હતો. ભાજપના સુખદેવસિંહ સોઢા, હરગોવિંદ શીરવાડીયા અને બાબરાભાઈ પટેલે કોંગ્રેસી સભ્યોનો પ્રતિકાર કર્યો હતો.કોંગ્રેસ તરફે લક્ષ્મીબેન કરેણ અને પોપટજી દેલવાડીયા તેમજ ગીતાબેન ઠાકોરે હલ્લાબોલ કર્યો હતો.

આ ઝપાઝપી દરમ્યાન જિલ્લા કલેક્ટર જિલ્લા વિકાસ અધિકારીઓ આવી પહોંચતા કોંગ્રેસના સભ્યોએ અધિકારઓ સમક્ષ તેમના પક્ષના ત્રણ સભ્યોને તેમના ગ્રુપમાં બેસાડવાનો આદેશ આપવા જોરદાર માગણી કરી હતી. ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટરશ્રીએ સભયોને શાંતિ જાળવવા અને ચૂંટણી પ્રક્રિયામાં સાથ આપવા અપીલ કરી હતી. આમ છતાં કોંગ્રેસના સભ્યોએ તેમની દલીલો ચાલુ રાખતાં કલેક્ટરશ્રીએ એક તબક્કે જે સભ્યોએ ચૂંટણી પ્રક્રિયામાં ડખલ કરશે તેમની સામે પગલાં લેવાની ચીમકી આપી હતી. ચૂંટણી અધિકારીશ્રીએ બેઠક વ્યવસ્થા બાબતે ચૂંટણી નિયમમાં કોઈ નિર્દેશ ન હોવાનો ઉલ્લેક કરી પ્રમુખ પદની બે દરખાસ્તો આવી હોય તો ઉમેદવારોની નામની ઘોષણા કરી સભ્યોના હાથ ઉંચા કરાવી વિજેતાના નામની ઘોષણા કરવાના નિયમોનું વાંચન કરી બતાવતા સભાગૃહમાં શાંતિ સ્થપાઈ હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ પ્રથમ કોંગ્રેસના ઉમેદવારના નામનો પક્ષના મેન્ડેટ પ્રમાણે પ્રમુખપદ માટે લક્ષ્મીબેન કરેણનું નામ બોલતાં તેમની તરફેણમાં ૨૪ સભ્યોએ હાથ ઉંચા કરી સમર્થન આપ્યુંહતું. કોંગ્રેસના ઉપ પ્રમુખ પદના ઉમેદવાર તરીકે સંજય દેસાઈનું નામ બોલતા તેમની તરફેણમાં પણ ૨૪ મત મળ્યા હતા.

ત્યારબાદ કોંગ્રેસના ભાજપ સમર્થિત પ્રમુખપદના ઉમેદવાર તરીકે ચૂંટણી અધિકારીશ્રીએ રાજુભાઈ ઘૂડાભાઈ જોષીના નામની જાહેરાત કરી સમર્થન આપનાર સભ્યશ્રીઓને હાથ ઉંચા કરવાનું કહેતા ૨૯ સભ્યોએ હાથ ઉંચા કરી સમર્થન આપ્યું હતું. જ્યારે ભાજપના ઉપ પ્રમુખપદના ઉમેદવાર તરીકે સુખદેવસિંહ સોઢાનું નામ જાહેર કરતાં તેમની તરફેણમાં પણ ૨૯ સભ્યોએ હાથ ઉંચા કરતાં ચૂંટણી અધિકારીશ્રી બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખપદે શ્રી રાજુભાઈ ડી. જોષી તેમજ ઉપપ્રમુખ પદે શ્રી સુખદેવસિંહ સોઢાને વિજેતા જાહેર કરતાં ભાજપના સભ્યોએ પાટલી થપથપાવી વધાવી લીધા હતા. જ્યારે કોંગ્રેસના સભ્યોએ ગદ્દારો શરમ કરોના નારા લગાવી સભાખંડની બહાર નીકળી ગયા હતા.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

### કોંગ્રેસના પરાજિત ઉમેદવાર લક્ષ્મીબેનના સૂચનો સર્વાનુમતે સ્વિકાર

ચૂંટણી સંપન્ન થયા પછી કોંગ્રેસના પરાજીત ઉમેદવાર લક્ષ્મીબેન કરેણ જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય ભાજપના શ્રી કાનાભાઈ દેસાઈ અને કોંગ્રેસના સંસદસભ્ય મુકેશદાન ગઢવીના દુઃખદ મૃત્યુ બદલ ભાજપ-કોંગ્રેસના સભ્યોને બે મિનિટ મૌન પાળવાનું કહેતા બન્ને પક્ષના સભ્યોએ સૂચનનો અમલ કરતાં મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

### જિલ્લા પંચાયત ભવન પોલીસ છાવણીમાં ફેરવાયું

ભાજપના સિનિયર અગ્રણીઓ શ્રી કે.સી. પટેલ, ભરતભાઈ રાજગોર વિગેરેએ માર્ગદર્શન આપ્યું હતું.

જિલ્લા પંચાયત ભવન પોલીસ છાવણીમાં તબદિલ થઈ ગયું હતું. સભાખંડમાં ચૂંટાયેલા સભ્યો અને પત્રકારોને જ પ્રવેશ આપવામાં આવ્યો હતો.

### પચ્ચીસ વર્ષ પૂર્વેની ઘટનાનું પુનરાવર્તન

૨૫ વર્ષ પહેલાં જનતાદળ અને કોંગ્રેસ વચ્ચે જિલ્લા પંચાયતના પ્રમુખપદની ચૂંટણી વખતે કોંગ્રેસ દ્વારા જનતાદળના સભ્યોની કરાયેલ ઉઠાંતરી સમયે તત્કાલીન જનતા પાર્ટીના હરિસિંહ ચાવડા દ્વારા ઉઠાંતરી કરાયેલ જનતા પાર્ટીના સભ્યોને જિલ્લા પંચાયતમાં લવાતાં તેમને લઈને આવનાર ગાડી સામે સૂઈ ગયા હતા. તે સમયે સર્જાયેલ ગરમા ગરમી અને અફડાતફડીના દશ્યો આજે પચ્ચીસ વર્ષ બાદ કોંગ્રેસના સભ્યો ભાજપ સાથે બેસી જતાં સભાખંડમાં જોવા મળ્યા હતા.

### ... સહેજમાં મારામારી અટકી ગઈ

એક તબક્કે સભાખંડમાં ભાજપના હરગોવિંદ શિરવાડીયા અને કોંગ્રેસના સભ્યો વચ્ચે મારામારી થઈ જાય તેટલી હદે જીભાજોડી થઈ હતી.

ભાજપના ઉમેદવારની તરફેણમાં હાથ ઉંચા કરાવતી વખતે ભાજપ સમર્થિત પ્રમુખના ઉમેદવાર શ્રી રાજુભાઈ જોષીએ હાથ ઉંચો કરતાં કોંગ્રેસના પોપટજી દેલવાડીયા તેમનો હાથ પકડી નીચે કરાવતાં રાજુભાઈ પરશુરામજીના રૌદ્ર સ્વરૂપમાં આવી જઈ ખખડાવતા પોપટજી ત્યાંથી ખસી ગયા હતા.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો રૂમ બંધ રહેશે
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન